અપીલ અરજી નં.૨૨૪તા.૧૮–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન દેસાઈની તા.૨૧–૬–૧૧ની અરજીથી સેન્ટ્રલઝોનના રહેણાંક વિસ્તારમાં જે જરી ગીલીટના કારખાનાઓ ચાલે છે જેમાં સ્પીરીટ વપરાશ થાય છે જેની પરવાનગી આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવે છે રેકોર્ડ મેન્યુઅલ આધારિત માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૨૪/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન દેસાઈની તા.૨૧–૬–૧૧ની અરજીથી સેન્ટ્રલઝોનના રહેણાંક વિસ્તારમાં જે જરી ગીલીટના કારખાનાઓ ચાલે છે જેમાં સ્પીરીટ વપરાશ થાય છે જેની પરવાનગી આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવે છે રેકોર્ડ મેન્યુઅલ આધારિત માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સી.ઝેડ./આરટીઆઈ/આ.નં.૬૦૦ તા.૨૧–૭–૧૧થી ખોટી તેમજ માહિતી છુપાવવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૯૩ તા.૨૫–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને તેમણે માત્ર વિધાન કરેલ જણાય છે માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી છતાં તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ./આરટીઆઈ/ ૧૧૨૧ તા.૨૨–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી આરોગ્ય અધિકારીને અરજી તબદીલ કર્યા અંગે પત્ર નં.સે.ઝોન/આટીઆઈ/આ.નં.૪૩૮ તા.૨૩–૬–૧૧ ના પત્રની નકલ આરોગ્ય અધિકારીએ પરત તબદીલ કરેલ તા.૨૯–૬–૧૧ ના પત્રની નકલ તેમજ અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૦૦ તા.૨૧–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૯–૮–૧૧ નો પત્ર સાથે અરજદારને અગાઉની તા.૮–૧–૦૮ ની અરજી બાબતે આપેલ માહિતી અંગે સે.ઝોન/ આરટીઆઈ સેલ/૯૨૪ તા.૨૮–૧–૦૮ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજજદારની તા.૨૧–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૩૮ તા.૨૩–૬–૧૧ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે. કમિ.(હેઅને હો) ને અરજી નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ તેઓ તરફથી પત્ર નં.પીએચડી/આ.અ./પીઆઈ/૧૦૫ તા.૨૯–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૦૦ તા.૨૧–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ " સેન્ટ્રલઝોનના રહેણાંક વિસ્તારમાં જે જરી ગીલીટના કારખાનાઓ ચાલે છે જેમાં સ્પીરીટ વપરાશ થાય છે જેના પરવાના આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવે છે. જે અંગે આપશ્રી તરફથી કોઈ માહિતી માંગવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે માંગેલ માહિતી ખોટી તેમજ છુપાવવામાં આવેલ છે તેવું જણાવી તા.૧૮–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારે આપેલા પત્રમાં માહિતી માંગેલ છે છતાં શા માટે કહે છે કે માહિતી માંગેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જયારે ખોટી માહિતી માટે આઈપીસીની કલમ–૧૬૬ ૧૬૭ અને ૨૨૬ ની કાયદેસર કાર્યવાહી થઈ શકે તેવું વિધાન કરેલ છે. પરંતુ માહિતીમાં શું ખોટું છે તેવું જણાવેલ નથી. જે અંગે અત્રેથી પાઠવેલ પૂરક પત્રમાં અરજદારે તેમના તા.૨૯–૮–૧૧ ના પત્રથી અગાઉ આપેલી માહિતી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૨૪ તા.૨૮–૧–૦૮ થી આપેલ માહિતીનો પત્ર રજૂ કરેલ છે અને જે ધ્યાનમાં લેવામાં આવશે તો માહિતી માંગેલ જે ખરી માહિતી માંગેલ છે તેવું જણાવેલ છે. પરંતુ વિધાન બાબતે કોઈ સ્પષ્ટતા કરવામાં સફળ રહેલ નથી. તેમજ શું ખોટું છે અને શું છુપાવેલ છે તે પણ સ્પષ્ટતા કરેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને માંગવામાં આવેલી માહિતી કારખાનામાં સ્પીરીટ વપરાશ થાય છે તેની પરવાનગી આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવે છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પરવાના આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવેલ છે તેવી માહિતી પૂરી પાડેલ છે પરંતુ અરજદારે રેકર્ડ મેન્યુઅલ આધારીત માહિતી આપો તેમાં કોઈ વિવરણ કરેલ નથી તેથી જાહેર માહિતી અધિકારીએ કોઈ માહિતી માંગવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. આમ અરજદારે કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું ન હોઈ અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ.**

**અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારની તા.૨૧–૬–૧૧ ની અરજીથી સ્પષ્ટ રીતે કોઈ માહિતી માંગેલ ન હોઈ તથા અપીલ તબકકે તક આપવા છતાં સ્પષ્ટ કરી શકેલ ન હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.**

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન દેસાઈ